ચાકલીયા પોલીસ સ્ટેશનના પાર્ટ સી.ગુ.ર.નં...૧૬૩/૨૬ ના કામે અરજદાર ચુનીયાભાઈ જેંતીયાભાઈ ભાભોરનાઓની મુદ્ધામાલ વાહન પરત મેળવવાની અરજી લગત હુકમ.

(૧) અરજદાર ની અરજી વંચાણે લીધી. અરજદારે પોલીસ દ્ધારા ઉપરોકત ગુનાનાં કામે કબજે કરેલ મુદ્દામાલ **BAJAJ AUTO LTD. PULSAR 150 DTS-I (ABS) કે જેનો રજી.નં.જી.જે.૨૦.એ.એમ.૩૮૪૬** છે તે વાહન તેઓની રોજબરોજની જરૂરીયાતનું સાધન હોય, વચગાળાની કસ્ટડીમાં શરતોને આધીન પરત મેળવવા માટે હાલની અરજી કરેલી છે. અરજદારે તેની અરજીના સમર્થનમાં જે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તે વં ચાણે લીધેલ છે. અરજદારે હાલની આ અરજી દાખલ કરતાં, સદરહુ ગુનાના કામે ત.ક.અ. શ્રીનો અભિપ્રાય મંગાવવામાં આવેલ છે જેમાં સદરહુ મુદામાલ પરત નહીં સોંપવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે. અરજી સંદર્ભે અરજદાર તરફેના વિ.વ.શ્રી તથા સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રીની રજુઆતો સાંભળવામાં આવેલ છે.

(૨) બન્ને પક્ષકારોની દલીલો સાંભળવામાં આવેલ છે જે અન્વયે અરજદારના વિ.વ.શ્રી એ રજુઆત કરેલી છે કે, કબજે કરેલ મુદ્ધામાલ વાહન અંગે નામદાર કોર્ટ ફરમાવે તે શરતોનું અરજદાર પાલન કરશે અને નામદાર કોર્ટ ફરમાવે તેટલી રકમના જામીન આપવા ખુશી પણ છે. જેથી વચગાળાની કસ્ટડી તરીકે સદર મુદ્ધામાલ વાહન સોંપવા હુકમ કરશોજી.

જયારે વિ.એ.પી.પી.શ્રીએ હાલની અરજી સબંધે વાંધો દર્શાવી અભિપ્રાયની વિગતે હાલની અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૩) આ કામે રજુ થયેલ મુદામાલ પાવતી, પંચનામુ, તથા પોલીસ પેપર્સ વં ચાણે લીધા તથા ઉભય પક્ષની રજુઆતો ધ્યાને લીધી. હાથ પરના કેસમાં અરજદારે માંગેલ મુદ્દામાલને લાંબો સમય સુધી સાચવણી સિવાય પડયો રહેવા દેવામાં આવે તો, તેને નુકસાન થવાની શકયતા છે અને તેના કારણે ફરીયાદ પક્ષને કોઈ ફાયદો થવાની શકયતા નથી પરંતુ, અરજદારને આર્થિક નુકસાન જવાની શકયતા છે. તેમજ અન્ય કોઈ વ્યકિતએ આજદિન સુધી મુદ્ધામાલ વાહન અંગે કલેઈમ કરેલો નથી.

અરજદારે સદર મુદામાલ વાહન તેઓની માલીકીનો છે તે અંગે આ કામે વાહનની આર.સી.બુકની નકલ, આધાર કાર્ડની નકલ, નો કલેઈમ પુરસીસ રજુ કરેલ છે. જેથી મુદ્દામાલ હાલના અરજદારને સોંપવો ન્યાયોચિત જણાય છે.

(૪) ત્યારે અરજદારની અરજીની હકીકત તથા મૌખિક રજુઆત તથા રેકર્ડ ઉપરનો પુરાવો વંચાણે લીધો તથા નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા સુંદરલાલ અંબાલાલ દેસાઈના જજમેન્ટમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો તેમજ ગુજરાત સરકાર ધ્વારા તા.૦૬/૧૧/૨૦૧૯ ના રોજ નોટીફીકેશન નં.GG/103/2019/VDR/10/ 2009/2061/E-1 થી Gujarat prohibition(Liquor Samples and determination of Quantity Seized Liquor) Rules, 2019 ના ઘડેલ છે. જે રૂલ્સના રૂલ નં.-૯ માં નીચે મુજબની જોગવાઈ કરેલ છે, **જેમાં ૧૦ લીટર શબ્દની જગ્યાએ ૨૦ લીટર કરવામાં આવેલ છે.**

1) These rules may be called the Gujarat prohibition(Liquor Samples and determination of Quantity Seized Liquor) Rules,2019.
2) In the Gujarat prohibition(Liquor Samples and determination of Quantity Seized Liquor) Rules, 2012, in rule 9, for the words “ ten liters “, the words “twenty liters “shall be substituted.

જેથી ગુજરાત સરકાર ધ્વારા ધી પ્રોહીબીશન એકટનલ કલમ-૯૮(૨) માટે ઉપરોકત રૂલ-૯ ધ્વારા પકડાયેલ લીટરનો જથ્થો ૨૦ લીટર નકકી કરેલ છે. જેથી The Bombay prohibition(Gujarat Amendment)Act,2009 ની કલમ ૯૮ તથા Gujarat prohibition(Liqour Sample and determination of quantity Seized Liqour ) Rules , 2019 રૂલ-૯ સાથે વંચાણે લેતાં સદરહુ એકટની કલમ-૯૮(૧) અન્વયે પકડાયેલ કોઈપણ મુદામાલ લીકર જો ૨૦ લીટર કરતાં વધારે માત્રામાં હોય તો જે કોઈ વાહન વિગેરેમાં લઈ જવામાં આવતો હોય તે વાહન તથા મોબાઈલ વિગેરેને કેસના આખરી નિકાલ સુધી બોન્ડ કે સિકયોરીટી

ઉપર છોડી શકાય નહીં તેવી મેન્ડેટરી પ્રોવીઝન કરેલ છે.

(૫) ઉપર કરેલ ચર્ચા મુજબ ગુજરાત ધારાસભા ધ્વારા કાયદો ઘડતી વખતે ૨૦ લીટર કરતાં વધારે લીકરનો મુદામાલ જે વાહનમાંથી પકડાયેલ છે તે વાહનને વચગાળાની કસ્ટડીએ સોંપવા અદાલતની સત્તા જ બાધીત કરેલ હોય, જયારે હાલના કેસમાં ઉપરોકત એકંદર હકીકતે જે મુદામાલ પકડાયેલ છે તે મુદામાલ વાહન હોય તેમજ હાલના કેસમાં દારૂનો જથ્થો **૧૨ લીટર** જેટલો હોય જેથી ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતા ન્યાયના વિશાળહિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>// હુકમ //</u>**

- અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.
- ચાકલીયા પોલીસ સ્ટે. પાર્ટ સી. ગુ.ર.નં.૧૬૩/૨૬ પ્રોહી એકટ કલમ – ૬૫ એ.એ., ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબના કામે કબજે કરેલ મુદ્દામાલ **BAJAJ AUTO LTD. PULSAR 150 DTS-I (ABS) કે જેનો રજી.નં.જી.જે.૨૦.એ.એમ.૩૮૪૬** છે તે આ કામના અરજદાર ચુનીયાભાઈ જેંતીયાભાઈ ભાભોરનાઓ તરફથી મુદ્દામાલ વાહનની દોઢ ગણી રકમના જામીન અને તેટલી જ રકમના બોન્ડ રજુ કરવામાં આવેથી નીચેની શરતોએ અરજદારને વચગાળાની કસ્ટડીમાં સોંપી આપવા હુકમ ફરમાવવામાં આવે છે.

**શરતો :**

૧. અરજદારે આ કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી મુદામાલ અન્ય કોઈને વેચાણ ,ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ પણ રીતે તબદિલ કરવો નહી.

૨. અરજદારે મુદામાલ ની જયારે અને જયાં જરૂર પડે ત્યારે અને ત્યાં વિના વિલં બે રજુ કરવાનો રહેશે.

૩. અરજદારે મુદામાલ નો કોઈ ગુન્હાહિત પ્રવૃતિમાં સીધી કે આડકતરી રીતે ઉપયોગ કરવો નહી.

૪. અરજદારે જામીન સંબધીત કાગળો પો.સ્ટે.માં રજુ કરવા, જામીન લેનાર સં બધીત પોલીસ અમલદારે જામીનખત અને તેના લગતના કાગળો અત્રેની કોર્ટમાં રજુ કરવા.

૫. તેમજ મુદામાલ અંગે સંબધિત પોલીસ સ્ટેશન યાદી કરવી.

૬ તેમજ આ હુકમ ની એક નકલ સંલગ્ન ગુના રજી. નં. આધારે પડેલા ક્રિમી. કેસમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ:૧૨મી, માંહે:-માર્ચ, સને:-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભાળાવી જાહેર કર્યો.

તા.૧૨.૦૩.૨૦૨૬
ઝાલોદ.

**(ડો.ઈન્દ્રજીતસિંહ ભાટી )**
એડી.ચીફ જયુડી. મેજી.
ઝાલોદ